**અમદાવાદનાં મહે. ૩જા એડીશનલ જયુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. મિરઝાપુર કોર્ટ, જિ.અમદાવાદ (ગ્રામ્ય)**

**ફોજદારી કેસ નંબર– ૧૧૯૫૩/૨૩**

આંક–

ફરીયાદી:– શ્રી સરકાર

વિ.

આરોપી:–મોબતસંગ ભીખાભાઈ મલેક

ગુનો:– જુગારધારાની કલમ–૧૨ મુજબ.

–:: હુ ક મ ::–

૧. ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ જુગારધારા કલમ–૧૨ મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.
૨. આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓએ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને ફરિયાદ અને દસ્તાવેજની નકલ આપી, આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતાં, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનુ જણાવે છે, ફરિયાદપક્ષે રજુ ફરિયાદ, આરોપીની કબુલાત, આરોપીની આર્થિક–સામાજિક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતા, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–:: આ ખ રી હુ ક મ ::–

આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે જુગારધારા કલમ–૧૨ મુજબ ના ગુનામાં તકસીરવાર ઠરાવી દરેક આરોપી દીઠ રૂા. ૧૦૦/– એટલે કે **૧૦૦ × ૫ મળી કુલ ૫૦૦/– (પાંચસો પુરા)**નો દંડની સજા ફરમાવામાં આવે છે તથા આરોપીઓને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો કોઈ આરોપી દંડની રકમ ના ભરે તો દરેક આરોપીઓને દિન–૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે મુદદામાલ અંગે જો અગાઉ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને બાકી રહેલ બિનકિંમતી મુદદામાલ અપીલ સમય વિત્યે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે જયારે કિંમતી મુદદામાલ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજ સ્પે.સિટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.
સ્થળ :મિરઝાપુર કોર્ટ–સ્પે.સિટીંગ

તારીખ : ૦૯/૦૯/૨૦૨૩ (એસ.શર્મા)

૩જા એડી. જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,

અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર

જી.જે૦૧૩૬૭